BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4 | BAOU CATEGORY 1 UNIVERSITY UGC

૮૮૯ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં પોતાની કળા રજૂ કરી

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તેજતૃષા મહોત્સવનું આયોજન



**ગુજરાતની અસ્મિતા, ચંદ્રવદન પંડયા, સોમનાથ, તા.19**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તેજતૃષા મહોત્સવ 2025નું આયોજન કરવામાં આવ્યું, જેમાં રાજ્યભરમાંથી ૮૮૯ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને 41 જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ મહોત્સવનું ઉદ્ઘાટન પ્રખ્યાત વક્તા જય વસાવડાની ઉપસ્થિતિમાં થયું. જેઓએ સ્પર્ધકો માટે પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે જીવનમાં લક્ષ્ય નક્કી કરી તેને પ્રાપ્ત કરવા માટે અવિરત પ્રયત્ન કરવો જોઈએ. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે યુનિવર્સિટીની સિદ્ધિઓ અંગે માહિતી આપી અને જણાવ્યું કે તેજ તૃષા મહોત્સવ 2017થી શરૂ થયો છે, જેમાં કોઈપણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આગામી સમયમાં યુનિવર્સિટી સિનેમા અભ્યાસક્રમ શરૂ કરવાની છે.

જેથી વિદ્યાર્થીઓ સિનેમામાં પણ પોતાના કેરિયરની તકો શોધી શકે. વિજેતા સ્પર્ધકોને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. એ.કે. જાડેજા, પ્રો. ડૉ. પ્રિયાંકી બેન વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સંજયભાઈ પટેલ, ડૉ. નિશાબેન જોષી અને ડૉ. કૃતિ છાયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડિમ્પલ વ્યાસે કર્યું હતું.

“ગુજરાતની અસ્મિતા” તારીખ : 19/02/2025